## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડિયર... તું સમજ... પાકિસ્તાન સાથે સરકાર આજે પણ વાતચીત માટે તૈયાર છે, શાંતિની અપીલ કરે છે તો તું... મારી બહેન રક્ષાબંધનનાં એક દિવસ આવે છે તો તું એક દિવસ આવું ન કરી શકે ?

# ઈન્ફોસીટી ખાતે "કલર્સ ઓફ ઈન્ડિપેન્ડન્સ" છવાયાં

### ભારતભરમાં માત્ર ૭૦ સ્થળોએ કલર્સ ઓફ ઈન્ડિપેન્ડન્સનું આયોજન : ગાંધીનગરની નિફ્ટ કોલેજની પસંદગી : નિફ્ટ દ્વારા ઈન્ફોસીટી ખાતે રખાયેલા બેનર પર સ્વાતંત્ર્ય અંગે વિચારો વ્યક્ત કરવા નાગરિકોની પડાપડી

ગાંધીનગર, તા. ૧૦

આગામી સ્વાતંત્ર્ય દિનને અનુલક્ષીને કેન્દ્ર સરકારના ટેક્ષટાઈલ મંત્રાલય દ્વારા "કલર્સ ઓફ ઈન્ડિપેન્ડન્સ"ના નામે તા. ૯ થી ૧૫મી ઓગષ્ટ દરમ્યાન દેશના ૭૦ જેટલા સ્થળોએ ખાસ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી માટે ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી-નિફ્ટ કોલેજની નોડલ એજન્સી તરીકે પસંદગી કરાઈ છે. નિફ્ટ દ્વારા ઈન્ફોસીટી ખાતે પોલીસ સ્ટેશનની બાજુમાં ખાદી વસ્ત્ર સાથેનું એક મોટુ ફ્લેક્સ બેનર લગાડવામાં આવ્યું છે. જ્યાં નાગરિકો દેશની સ્વાતંત્રતા પર્વ અંગે પોતાના અભિપ્રાયો લખી રહ્યાં છે. આ સાથે નાગરિકો અહીં 'સેલ્ફી' લેવા પણ પડાપડી કરી રહ્યાં છે.

સ્વાતંત્ર્ય પર્વ સાથે જોડાયેલી નાગરિકોની લાગણી તથા અપેક્ષાઓને વ્યક્ત કરવા એક જાહેર માધ્યમ પુરૂ પાડવાના ઉદ્દેશથી નવતર પ્રયોગરૂપે દેશના ટેક્ષટાઈલ મંત્રાલય દ્વારા આ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. દેશભરમાં માત્ર ૭૦ સ્થળોએ આ પ્રકારની ઈવેન્ટ હાથ ધરવામાં આવી છે. જેમાં ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમનો પ્રારંભ જાણીતા ડિઝાઈનર અને નિફ્ટ ગાંધીનગરના ડાયરેક્ટર ઉમંગ હઠીસીંગના હસ્તે કરવામાં આવ્યો હતો. ઈન્ફોસીટી ખાતે આ કાર્યક્રમ યોજવા માટે ભાજપ જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.






## સે-૮ શોપીંગ પાસે ટોરેન્ટ પાવરના કેબલમાં શોર્ટ સર્કીટ

ગાંધીનગર, તા.૧૦

શહેરના સેક્ટર-૮ ખાતે સ્થિત શોપીંગ સેન્ટર સામેના ખુલ્લા વિસ્તારમાં સમી સાંજે અચાનક ભેદી ધડાકો થતા દોડધામ મચી જવા પામી ગઈ હતી. જો કે આ વિસ્તારમાંથી પસાર થતા ટોરેન્ટ પાવર લાઈનના



હતી. પળવારમાં તો બોમ્બ જેવા ધડાકાના મેસેજ વોટસએપ ગ્રુપમાં ફરતા થઈ ગયા હતા.

ઘટનાઅંગે ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી કેબલમાં શોર્ટ સર્કીટ થયો હોવાનું ખુલ્યું હતું. તાત્કાલીક ટોરન્ટ પાવરને જાણ કરવામાં આવતા ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને શોર્ટ સર્કીટ થયેલો કેબલ કાપી નાંખીને તે કેબલને રીકનેકટ કર્યો હતો. થોડી ક્ષણો માટે તો સે-૮ના શોપીંગના વેપારીઓ તથા રાહદારીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા.

## અખિલ ભારતીય સુરક્ષા સંઘ દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી

મહિલા સશક્તિકરણ પાક્ષિક અંતર્ગત અખિલ ભારતીય સામાજીક સુરક્ષા દ્વારા સંકટ મોચન, રાષ્ટ્રીય કુટુંબ સહાય અને વિધવા સહાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શર્મિષ્ઠાબેન વાઘાણી દ્વારા બહેનોને પ્રોત્સાહન પુરૂ પાડી સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત બહેનોને આર્થિક પગભર થઈ હિંમતવાન બનવા માટે પ્રેરણા પુરી પાડી હતી. તેમજ બહેનોએ તેમને મુંઝવતા પ્રશ્નો રજુ કર્યા હતા.

આ પ્રસંગે મહેમાનોના વરદ્ હસ્તે પીંપળજ નિવાસી કાન્તાબેન રાવળને રાષ્ટ્રીય કુટુંબ સહાય ૨૦ હજાર રૂપિયા તથા પારૂલબેન પરમાર અને બીનાબેનને વિધવા સહાય પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે સમાજ સુરક્ષા અધિકારી મનોજબેન બલાત, જિલ્લા પ્રોગ્રામ અધિકારી છાયાબેન ઉપાધ્યાય, મિનાક્ષીબેન પટેલ અને વી.પી. સોંયકર ઉપસ્થિત રહ્યા હતા.

## ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય ગાન સ્પર્ધા યોજાશે

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૪ ઓગષ્ટના રોજ બપોરે ૨.૩૦ કલાકે ટાઉનહોલ સે-૧૭ ખાતે રાષ્ટ્રીય સમુહ ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રમુખ ચંદ્રકાન્ત રાવલના જણાવ્યું કે ગત રથયાત્રા દરમિયાન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ફતેહપુરા શાળાની વિદ્યાર્થીનીઓને સુકામેવા અને ફળોનું વિતરણ કરાયું હતું. દહેગામની મુકબધિર શાળામાં પ્રવેશ ઉત્સવમાંપણ સંસ્થાએભાગ લીધો હતો. ૧૪ ઓગષ્ટના રોજ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નિમિત્તે ભારત વિકાસ પરિષદ દ્વારા સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે બપોરે ૨.૩૦ કલાકે રાષ્ટ્રીય સમુહ ગાન સ્પર્ધા યોજાશે.

# સરકારી કચેરીઓમાં આવતા અઠવાડિયે મીની વેકેશન

### ૧૩મીએ બીજા શનિવારથી લઈને ૧૮મીએ રક્ષાબંધન સુધીની સળંગ રજાઓનો લાભ ૧૬મીએ એક રજા લેવાથી મળી શકશે

ગાંધીનગર, તા. ૧૦

આ વર્ષે ઓગષ્ટ માસમાં સળંગ એક અઠવાડિયાની રજાઓનો લાભ સરકારી કર્મચારીઓને મળી શકે તેમ છે. માત્ર ૧૬મી ઓગષ્ટની એક રજા મુકી દેવાથી ૧૩ થી ૧૮ તારીખ સુધી સળંગ રજાઓ મળી શકે તેમ છે.

આવતા અઠવાડિયે સળંગ રજાઓ મળી શકે તેવા સંજોગો સર્જાયા છે. ખાસ કરીને સરકારી કર્મચારીઓને આ લાભ મળી શકે તેમ છે. ૧૩મીએ બીજા શનિવારની રજા છે. જ્યારે ૧૪મીએ રવિવારની રજા છે. ૧૫મીએ સ્વતંત્રતા દિવસની સંદર્ભે બેંકો અને સરકારી કચેરીઓમાં રજા રહેશે. ૧૫મીએ સોમવારે સ્વતંત્રતા દિવસની રજા બાદ ૧૬મીને મંગળવારે માત્ર એક દિવસ કચેરીઓમાં કામકાજ ચાલુ રહેશે. ૧૭મીને બુધવારે પારસી નૂતન વર્ષની રજા કચેરીઓમાં છે. જ્યારે ૧૮મીને ગુરૂવારના રોજ રક્ષાબંધનની રજા છે. આમ જો માત્ર ૧૬મીની રજા મુકી દેવામાં આવે તો સળંગ ૧૩થી ૧૮ ઓગષ્ટ સુધીની રજાનો લાભ મળી શકે તેમ છે. રક્ષાબંધન સહિતના તહેવારો આ ગાળામાં હોઈ ઘણા સરકારી કર્મચારીઓએ ૧૬મીની એક રજા મુકી દઈ મીની વેકેશન માણવાનું નક્કી કરી લીધુ છે. ઓગષ્ટ માસમાં સરકારી કર્મચારીઓને રજાઓનો મહત્તમ લાભ મળી શકે તેમ છે.

## આદિવાસી વિશ્વ દિનની ઉજવણી કરાઈ

આદિવાસી વિશ્વ દિન નિમિત્તે સેકટર-૬ આદિવાસી નિવાસી કન્યા શાળા ખાતે વોર્ડ નં. ૮ના કોર્પોરેટર દ્વારા કેક કાપી આદિવાસી વિશ્વ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમિયાન શાળાની વિદ્યાર્થીનીઓને પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા વિદ્યાર્થીનીઓને સારુ ભણી ભવિષ્યમાં આદિવાસી સમાજનું નામ ઊંચુ લાવવા આહવાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૭૦થી વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં નગરસેવક પાયલબેન મેણાત, એસ.ટી.સેલ. પ્રમુખ વિનોદભાઈ મેણાત, સેવાદળના પ્રમુખ મુકેશ મારુ તથા કિરીટ પરેશ, મિહીર પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

## ખૂણે ખાંચરેથી...

● ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકો અંતર્ગત થયેલી કામગીરીની આજે જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ સમીક્ષા કરી હતી.

● કોંગ્રેસની ડિનર ડિપ્લોમસીમાં પાંચથી વધુ સભ્યોની ગેરહાજરીએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

● જિલ્લાના માણસા તાલુકાના ચડાસણા ખાતે તેમજ ગાંધીનગરના લેકાવાડામાં ખેડૂત શિબિર યોજવામાં આવી હતી.

● નવી મંત્રીઓએ તેમનો નવો કાર્યભાર સંભાળતાં કાર્યકરો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે. આજે સચિવાલયમાં અભિનંદન આપવા આવતા કાર્યકરોને સાકર અને પેંડા ખવડાવી મોં મીઠુ કાર્યકરોનું કરાવાયું હતું.

● ગાંધીનગર શહેરમાં રાત્રે બે ઈંચથી વધુ પડેલા વરસાદને પગલે વિવિધ સેક્ટરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. જો કે આજે દિવસ દરમ્યાન પણ વરસાદના હળવા ઝાપટા નોંધાયા હતા.

● પ્રદેશ પ્રમુખ તરીકે જીતુ વાઘાણીની નિમણુંકને પગલે ઉત્તર ગુજરાત ભાજપના કાર્યકરોમાં નિરાશા જોવા મળતી હતી.

● ગાંધીનગર જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકીની બદલી આણંદ થવા પામી છે.

● આરટીઓ સર્કલથી સરગાસણ તરફ જવાના માર્ગ પર સ્ટ્રીટલાઈટો બંધ રહેતાં આસપાસના વિસ્તારોના રહીશોની તકલીફોમાં વધારો થયો છે.

## ડીએવીપીની નીતિ પરત ખેંચવા જોરદાર માંગણી

અમદાવાદ, તા.૧૦

ડીએવીપીની નવી જાહેરાત નીતિ ૨૦૧૬ને લઈને જોરદાર વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. આના ભાગરુપે જ રાષ્ટ્રીય ધરણા સ્તર જંતરમંતર પર દેશભરમાંથી હજારો પ્રકાશકો અને પત્રકારો એકત્રિત થયા હતા અને આ નવી નીતિને પરત ખેંચવાની જોરદાર માંગણી કરી હતી. રાજ્યસભામાં સાંસદ મુનવર સલીમે આ મુદ્દો ઉઠાવ્યો હતો. જાહેરાત નીતિના વિરોધમાં સમાચાર પત્રોના પ્રકાશકો દ્વારા અખબાર બચાવો મંચ હેઠળ જોરદાર દેખાવો કર્યા હતા. આ જાહેરાત નીતિને તરત પરત ખેંચવાની માંગ કરાઈ હતી. નવી નીતિથી નાના અને મધ્યમ અખબારોને ભારે નુકસાન થશે. આમા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, નાના અને મધ્યમ અખબારોને ખતમ કરીને મોટા ઔદ્યોગિક હાઉસને અખબારોને સંરક્ષણ આપવાનું કાવતરુ ઘડવામાં આવ્યું છે. ગુજરાત સહિત જુદા જુદા રાજ્યોમાંથી હજારો પત્રકારો અને પ્રકાશકો એકત્રિત થયા હતા.

# કુપોષણ મુક્તિનું અભિયાન સૌના સહિયારા પ્રયાસોથી આગળ વધશે : રામાજી ઠાકોર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુક્તિનું અભિયાન સૌના સહિયારા પ્રયાસોથી આગામી દિવસોમાં વધુ સઘન બનાવવામાં આવશે તેમ જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે જણાવ્યું છે.

આજે નગરપાલિકા ભવન ખાતે આઈસીડીએસ શાખા દ્વારા યોજાયેલ એક કાર્યક્રમમાં બોલતાં તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છ જિલ્લો અને સ્વસ્થ જિલ્લો બનાવવાની દિશામાં આ પ્રથમ પગથિયુ છે. તેમણે જણાવ્યું હતુ કે આ માટે માતાની જાગૃતિ સૌથી વધુ અગત્યની છે.

તેમણે અતિકુપોષિત અને કુપોષિત બાળકોને સામાન્ય ગ્રેડમાં લાવવા માટેના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે પણ સામાજિક જાગૃતિ પણ આ અભિયાનમાં મહત્વનું છે.

મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેન દિનેશજી ઠાકોરે જણાવ્યું હતું કે અતિ સંવેદનશીલ સમિતિ તેમની છે. અમે સામાજિક જાગૃતિ અભિયાન તો હાથ ધર્યુ છે પણ આગામી દિવસોમાં અમે તે વધુ સઘન બનાવવાના છીએ. તેમણે જણાવ્યુ હતુ કે આંગણવાડી કેન્દ્રમાં જન્મથી ૬ વર્ષના બાળકોનું વજન કરી પોષણસ્તર નિયત કરવામાં આવે છે.

કુપોષિત બાળકોને પૂરક પોષક આહાર પણ આપવામાં આવે છે. અતિ કુપોષિત બાળકોને મેડીકલ સારવાર માટે દાખલ કરી આહાર અને પૂરક પોષણ આપવાની પણ જોગવાઈ કરવામાં આવેલી છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કરી કુપોષણ મુક્તિ અભિયાનની વિસ્તૃત જાણકારી મહિલાઓને આપી હતી.

આ સમગ્ર સમારોહને સફળ બનાવવા માટે પ્રોગ્રામ ઓફિસર છાયાબેન ઉપાધ્યાય અને તેમના સાથી કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ દાંડીકુટીરની મુલાકાત લીધી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ૧૦૫ વિદ્યાર્થીઓએ શુક્રવારના રોજ દાંડીકુટીરની મુલાકાત લીધી હતી.

એક દિવસની આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ દાંડી કુટીરમાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં રસપુર્વક ભાગ લઈ સુંદર ચિત્રોનું સર્જન કર્યું હતું અને દાંડીકુટીરના પ્રદર્શન હોલની મુલાકાત લઈ ગાંધીજીના જીવન ચરિત્ર વિશેની રસપ્રદ માહિતી મેળવી હતી. શાળાના આચાર્ય નીવાબેન પટેલે શાળાના ચિત્ર શિક્ષક અને માર્ગદર્શક જયભાઈ પંડિતને તથા વિદ્યાર્થીઓને સફળતા માટે અભિનંદન પાઠવ્યા છે.



બ્રહ્મસમાજના ગૌરવ એવા શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ પોતાનો રાજયકક્ષાનો મંત્રી તરીકેનો પદભાર સંભાળ્યો ત્યારે બ્રહ્મ સમાજ ગુજરાતના પ્રમુખ શ્રી શૈલેષભાઈ જોષી, ભરતભાઈ રાવલ, અશ્વિનભાઈ ત્રિવેદી, વિપુલ ઠાકર અને કેતન ઉપધ્યાયે તેમને શુભેચ્છારૂપે પ્રસંશાપત્ર આપી સન્માન કર્યું હતું.





અર્બન બેંકની વાવોલ શાખાનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ અવસરે ગામના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે.

# પંચાયતના ચૂંટાયેલા કોંગ્રેસના સભ્યો અને સંગઠ્ઠનના આગેવાનોની સંયુક્ત બેઠક મળી

### મિશન-૨૦૧૭ની વિસ્તૃત ચર્ચા ઉપરાંત વિકાસ કામોને લઈ આ બેઠકમાં ચર્ચાઓ થઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યો અને જિલ્લા કોંગ્રેસના આગેવાનોની એક સંયુક્ત બેઠક ગઈકાલે રાત્રે ગાંધીનગર નજીક મળી હતી. જેમાં મિશન-૨૦૧૭ને લઈ વિસ્તૃત ચર્ચાઓ ઉપરાંત જિલ્લામાં વિકાસના કામો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે આ બેઠક બોલાવી હતી અને તેમાં મિશન-૨૦૧૭ પરની ચર્ચાની સાથે સાથે પંચાયતનાં હાથ ધરવામાં આવનારા વિકાસ કામો તેમજ તેના આયોજન સહિતની બાબતો પર ચર્ચાઓ થઈ હતી.

આ બેઠકમાં મિશન-૨૦૧૭ અંતર્ગત જિલ્લામાં આવનાર વિધાનસભાની ચૂંટણીને લઈ બુથ મેનેજમેન્ટ, મતદારો સાથેના સંપર્ક અભિયાન, વધુમાં વધુ મતદાન થાય તેવી વ્યવસ્થા સહિતના મુદ્દાઓ પર વિશેષ ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ બેઠકમાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી હાથ ધરવાના થતા વિકાસ કામો, વિસ્તારમાં વિકાસના કામો માટે સભ્યોને ફાળવવામાં આવેલી ગ્રાન્ટના ઉપયોગ અંગે, જિલ્લામાં મંજૂર થયેલ માર્ગોના મજબુતીકરણના કામો સહિતના વિષયો પર પણ ખુબજ રસપ્રદ ચર્ચાઓ થઈ હતી.

આ ઉપરાંત રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજનામાં નોંધણી માટેની ઝુંબેશ, જિલ્લામાં વરસાદની સ્થિતિ, જિલ્લામાં આગામી દિવસોમાં હાથ ધરવામાં આવનાર મતદાર નોંધણી ઝુંબેશ સહિતના મુદ્દાઓ પર જિલ્લાના આગેવાનોએ ધ્યાન આપવા ભાર મુક્યો હતો.

આવી બેઠક સમયાંતરે યોજવાનો નિર્ણય પણ આ બેઠકમાં લેવાયો હતો એટલું જ નહિ વિધાનસભાની પાંચેય બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોને વિજયી બનાવવાનો સંકલ્પ પણ લેવામાં આવ્યો હતો.

## રાજ્યના ૨૦૩ જળાશય પૈકી ૨૨ હાઈએલર્ટ પર

ભારે વરસાદના પરિણામ સ્વરુપે રાજ્યમાં ૨૦૩ જળાશયો પૈકી ૨૨ જળાશયોને હાઈએલર્ટ ઉપર અને નવ જળાશયોને એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના સરદાર સરોવર બંધમાં પાણીની સપાટી ૧૨૫.૮૯ મીટર પહોંચી છે. ૨૦૩ જળાશયોને હાઈએલર્ટ પર મુકવામાં આવ્યા બાદ સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લાના હડપ તથા ગીર સોમનાથ જિલ્લાનું મચ્છુંદ્રી મળીને નવ જળાશયોને એલર્ટ કરાયા છે.


**જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૧૬-૧૭**

**(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬, ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા ૦૫ કામોની અંદાજીત કિંમત રૂ. ૨૫,૧૫૯.૦૦ થી રૂ. ૯૯,૨૮૩.૦૦ સુધી છે. આ માટે ઈ-૨ તથા તેની ઉપરની કક્ષાના અને નોંધણી ધરાવનાર વિદ્યુત ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર વેચાણથી તા. ૧૬/૮/૨૦૧૬ સુધી બપોરના ૪.૦૦ વાગ્યા સુધી આપવામાં આવશે. ભરેલ ટેન્ડરો આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી તા. ૨૩/૮/૨૦૧૬ સુધીમાં કચેરી સમય દરમિયાન મોકલવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નિવિદા અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૨૧૮/૨૦૧૬-૧૭